ગાંધીનગર સમાચાર

# ભાજપ સાથે સમજૂતી કરવા NCPનો ઈન્કાર

## પ્રફુલ પટેલના નિવેદન બાદ ચાલતી અટકળો વચ્ચે સ્પષ્ટતા : અમે હંમેશા યુપીએની સાથે જ રહીશું : વિપક્ષમાં બેસવાની પણ તૈયારી છે એનડીએને બહુમતિ ન મળે તો એનસીપી પણ મદદ કરી શકે તેવી હજુ ચર્ચા

નવીદિલ્હી, તા.૧૪

એક્ઝિટ પોલના તારણ તરફેણમાં આવ્યા બાદ એક બાજુ ભાજપના ટોચના વ્યૂહરચનાકારો સાથી પક્ષો ઉમેરવાને લઈને વાતચીત કરી રહ્યા છે ત્યારે આજે એનસીપીએ એવા અહેવાલને રદિયો આપ્યો હતો કે, ભાજપ સાથે સમજૂતિ કરવામાં આવી શકે છે. એનસીપીના વરિષ્ઠ નેતા પ્રફુલ પટેલે સ્થિર સરકારનું સૂચન કર્યા બાદ ભાજપ-એનસીપી ગઠબંધનની અટકળોને વેગ મળ્યો હતો પરંતુ આજે એનસીપીએ આ પ્રકારના અહેવાલોને રદિયો આપ્યો હતો. પક્ષના પ્રવક્તા ડીપી ત્રિપાઠીએ ખુલાસો કરતા કહ્યું હતું કે, અમે યુપીએની સાથે છીએ અને યુપીએની સાથે જ રહીશું. અમે વિપક્ષમાં બેસીશું. ડીપી ત્રિપાઠીએ કહ્યું હતું કે, પ્રફુલ પટેલ દ્વારા આપવામાં આવેલા નિવેદનને એનડીએને ટેકો આપવા સાથે જોડવામાં આવે તે યોગ્ય નથી. શરદ પવારની પાર્ટી ભાજપની નજીક જવાના પ્રયાસમાં છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, ભાજપ સાથે હાથ મિલાવવાનો કોઈ પ્રશ્ન નથી. મિડિયામાં અહેવાલો આધારવગરના છે. દેશને સ્થિર સરકારની જરૂર છે અને આગામી પાંચ વર્ષ માટે કેન્દ્રમાં સરકાર નિર્ણાયક ભૂમિકા અદા કરી શકે છે. પ્રફુલ પટેલે એમ પણ કહ્યું હતું કે, લોકોના જનમતને ટેકો આપવા જોઈએ. કારણ દેશ આગળ વધી રહ્યો છે. જો એનડીએ બહુમતિના ૨૭૨ના આંકડા સુધી નહીં પહોંચે તો એનડીએને ટેકો આપવામાં આવશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા પ્રફુલ પટેલે ગઈકાલે કહ્યું હતું કે, આ અંગે વાત કરવી આ અંગે યોગ્ય રહેશે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે, ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી રહી છે તે બાબત હવે નિશ્ચિત બની ગઈ છે. એક્ઝિટ પોલ અને ઓપિનિયન પોલમાં પણ આ બાબત સાબિત થઈ ગઈ છે.

એનસીપી યુપીએના બીજી સૌથી મોટી પાર્ટી તરીકે છે. કોંગ્રેસ અને બે પાર્ટી મહારાષ્ટ્રમાં ૧૯૯૯થી સત્તા વહેંચણી ધરાવે છે. પવારે કોંગ્રેસ સાથે છેડો ફાડ્યા બાદ એનસીપીની રચના કરી હતી. કોંગ્રેસ અને એનસીપી મે ૨૦૦૪ બાદથી કેન્દ્રમાં સત્તા વહેંચણી સમજૂતિ ધરાવે છે.



## એનડીએને સમર્થન સંદર્ભે જયા-નવીન પટનાયક મૌન

### ચૂંટણી પરિણામોની બંને નેતાઓ રાહ જોશે : વરિષ્ઠ નેતાઓની સાથે જયલલિતા અને નવીન પટનાયક દ્વારા વાતચીત : ભાજપના વ્યૂહરચનાકારો દ્વારા મંત્રણા

નવીદિલ્હી, તા.૧૪

ભાજપના ટોચના વ્યૂહરચનાકારો પણ જુદા જુદા ક્ષેત્રિય પક્ષો સાથે સંપર્ક કરી રહ્યા છે. ઓરિસ્સાના મુખ્યમંત્રી અને બીજેડીના વડા નવીન પટનાયકે કેન્દ્રમાં



સરકારની રચનામાં એનડીએને ટેકો આપવાના મુદ્દે હાલ કોઈ ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો છે. બીજી બાજુ તમિળનાડુના મુખ્યમંત્રી જયલલિતાએ કહ્યું છે કે, ચૂંટણી પરિણામ આવ્યા બાદ જ અંતિમ નિર્ણય લેવામાં આવશે. પટનાયકે કહ્યું છે કે, અમે સાથીઓ સાથે વાતચીત કરી રહ્યા છે. પરિણામની રાહ જોવામાં આવશે. ભાજપ અને બીજેડી વચ્ચેની ચર્ચા ચાલી રહી છે તેવા અહેવાલ આવ્યા બાદ પટનાયકે આ ખુલાસો કર્યો છે. બીજેડી એનડીએના ઘટક પક્ષ તરીકે રહ્યા બાદ ૨૦૦૪ની લોકસભા ચૂંટણી પહેલા બીજેડીએ એનડીએ સાથે છેડો ફાડ્યો હતો. બીજેડીના વરિષ્ઠ નેતાએ ગઈકાલે કહ્યું હતું કે, કેન્દ્રમાં સરકાર રચવામાં એનડીએને શરતી ટેકો આપી શકાય છે. સમગ્ર દેશના અભિપ્રાય અને રાજ્યોના હિતોને ધ્યાનમાં લઈને એનડીએને ટેકો આપવામાં કોઈ વાંધો નથી. બીજેડીના અન્ય એક નેતાએ કહ્યું હતું કે, આ મામલે ચર્ચા કરવામાં આવશે. બીજેડીના મુખ્ય દંડક પ્રવત ત્રિપાઠીએ કહ્યું છે કે, શરતી ટેકો આપી શકાય છે પરંતુ આ મુદ્દે પક્ષની અંદર ચર્ચા થશે. પક્ષ પ્રમુખ નવીન પટનાયક આ અંગે અંતિમ નિર્ણય કરશે. સંસદમાં ૧૬-૧૭ બેઠકો મળવાનો દાવો બીજેડી દ્વારા કરવામાં આવ્યો છે. એવી આશા વ્યક્ત કરવામાં આવી છે કે, કેન્દ્રમાં જે કંઇ પણ સરકાર આવશે તે ઓરિસ્સા પ્રત્યે ઓછા પક્ષપાત રાખશે. દરમિયાન તમિળનાડુના મુખ્યમંત્રી જયલલિતાએ પણ આજે નેતાઓની તાકીદની બેઠક યોજી હતી જેમાં વિવિધ મુદ્દા પર ચર્ચા થઇ હતી. ત્રીજા મોરચામાં સામેલ થવા અથવા તો મોદી સરકારને ટેકો આપવાના મુદ્દે ચર્ચા કરાઈ હતી. જયલલિતાએ કહ્યું હતું કે, ૧૬મી મેના દિવસે મતગણતરી બાદ જ કોઈ નિર્ણય લેવામાં આવશે.

## પવાર હવે મમતા, જયા, પટનાયકના સંપર્કમાં

નવીદિલ્હી, તા.૧૪

લોકસભાની ચૂંટણીના પરિણામ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે એનસીપીના નેતા શરદ પવારે પણ નવી રાજકીય ગણતરી શરૂ કરી દીધી છે. શરદ પવારે જયલલિતા, મમતા બેનરજી અને નવીન પટનાયકનો સંપર્ક કર્યો હોવાનું જાણવા મળ્યું છે. શરદ પવારે ત્રીજા મોરચાને વાસ્તવિક સ્વરુપ આપવાના ચક્રોગતિમાન કર્યા છે. જગનમોહન રેડ્ડીનો પણ સંપર્ક કરવામાં આવ્યો છે. પવારના આ પગલાને નરેન્દ્ર મોદીને રોકવાની અંતિમ હિલચાલ તરીકે પણ જોવામાં



આવે છે. નરેન્દ્ર મોદીને રોકવા માટે તમામ રાજકીય પક્ષો પોતપોતાની ગણતરીમાં લાગેલા છે પરંતુ આ લોકોને સફળતા મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરશે. શરદ પવાર માને છે કે, જો એનડીએની બેઠકોની સંખ્યા ૨૩૦થી નીચે રહેશે તો બિનએનડીએ ગઠબંધનને એકત્રિત કરીને સરકાર બનાવી શકાય છે.

## મોદી પીએમ બનશે તો એ૧ વિઝા માટે લાયક : અમેરિકા

### નરેન્દ્ર મોદીને વિઝા આપવાના મામલે અમેરિકી વિદેશ વિભાગ મૌન : વ્યક્તિગતને સીધા વિઝા મળતા જ નથી

નવીદિલ્લી, તા.૧૪



ભાજપના વરિષ્ઠ નેતા અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વિઝા આપવાના મુદ્દે મૌન જાળવી રાખીને અમેરિકાએ આજે કહ્યું હતું કે જો નરેન્દ્ર મોદી ભારતના વડાપ્રધાન બનશે તો મોદી એ-૧ વિઝા મેળવવા માટે લાયક રહેશે. અમેરિકાએ છેલ્લા ઘણા વર્ષથી મોદીને વિઝાને લઈને વિરોધ નોંધાયો છે. અમેરિકાએ નિવેદન જારી કરીને કહ્યું છે કે જુદા-જુદા દેશોના વડાઓ અને સરકાર એ-૧ વિઝા માટે લાયક હોય છે. અમેરિકન વિઝા માટે કોઈપણ વ્યક્તિગત સીધી રીતે લાયકાત મેળવી શકે નહીં. અમેરિકન વિદેશી વિભાગના પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે જુદા જુદા દેશોના વડાઓને ઈમીગ્રેશન એન્ડ નેશનાલીટી એક્ટ હેઠળ એ-૧ વિઝા ક્લાસીફીકેશન માટે લાયક ગણવામાં આવે છે. કોઈ વ્યક્તિગતને સીધી રીતે અમેરિકન વિઝા આપવામાં આવતા નથી. તેમણે કહ્યું હતું કે અમેરિકન કાયદાઓમાં જુદા જુદા દેશોના વડાઓ, સરકારના વડાઓ સહિત સરકારી અધિકારીઓને મુક્તિ આપવામાં આવે છે. મોદીને વિઝા મળવાની શક્યતા વધી ગઈ છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા અમેરિકન વિદેશી વિભાગ આ મુજબની વાત કરી હતી વિગતો આપવાનો ઈન્કાર કરતા વિદેશ વિભાગે મોદીને વિઝાના પ્રશ્ને સીધો જવાબ આપવાનો ઈન્કાર કર્યો હતો. માત્ર એટલું જ કહ્યું હતું કે અમેરિકા ભારતીય સરકાર સાથે કામ કરવા માટે તૈયાર છે અમે વિઝા અરજીઓના મુદ્દે વાતચીત કરવા ઈચ્છુક નથી. અમે નવી ભારતીય સરકાર સાથે વાતચીત માટે તૈયાર છીએ. વર્ષ ૨૦૦૫માં અમેરિકી વિદેશ વિભાગે માનવ અધિકારના ભંગ સામે વાંધો ઉઠાવીને મોદીને વિઝા આપવાનો ઈન્કાર કર્યો હતો. મોદી સાથે સંબંધિત વિઝા નીતિમાં અમેરિકાએ લાંબા ગાળેથી કોઈ ફેરફાર કર્યો નથી. ગયા વર્ષે મોદીએ વિડીયો કોન્ફરન્સ મારફતે સંબોધવાની યોજના બનાવી હતી પરંતુ આ યોજના છેલ્લી ઘડીએ રદ કરાઈ હતી.

## અડવાણી, જોશીની ભૂમિકા નક્કી કરવામાં ઘણી દુવિધા

### મોદી સરકારમાં અડવાણી સામેલ નહીં થાય : સુષ્મા પણ તેમના કદ મુજબ મંત્રાલય આપવામાં આવે તે બાબત પર મક્કમ છે : રાજનાથ-ગડકરી ચર્ચામાં વ્યસ્ત

નવીદિલ્હી, તા. ૧૪

ભાજપના વરિષ્ઠ નેતા નીતિન ગડકરીએ આજે કહ્યું હતું કે, પક્ષના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીને લઈને ભાજપ દ્વારા યોગ્ય સમયે નિર્ણય લેવામાં આવશે. અડવાણીની ભૂમિકા કેવી રહેશે તેને લઈને ભારે સસ્પેન્સ અને ગૂંચવણભરી સ્થિતિ પ્રવર્તી રહી છે. ભાજપના સ્થાપક સભ્યો પૈકીના એક અડવાણીની ભૂમિકા અંગે પૂછવામાં આવતા ગડકરીએ કહ્યું હતું કે, અટલ બિહારી વાજપેયી અને અડવાણી અમારા સ્થાપક સભ્યો છે. અમારા સૌથી સિનિયર નેતાઓ છે. સંસદીય બોર્ડ દ્વારા યોગ્ય નિર્ણય કરવામાં આવશે. રાજનાથસિંહ અમારા પક્ષ પ્રમુખછે અને નરેન્દ્ર મોદી અમારા વડાપ્રધાન પદના ઉમેદવાર છે. અડવાણીનું માર્ગદર્શન હંમેશા મહત્વપૂર્ણ રહ્યું છે. અડવાણીને લઈને ભાજપના વરિષ્ઠ નેતાઓ દુવિધામાં દેખાઈ રહ્યા છે. મુરલી મનોહર જોશી, સુષ્મા સ્વરાજ અને અડવાણીની ભૂમિકા શું રહેશે તેને લઇને ચર્ચા ચાલી રહી છે. ગડકરીએ આજે સવારે અડવાણી અને ત્યારબાદ મુરલી મનોહર જોશી સાથે વાતચીત કરી હતી. ભાજપના વરિષ્ઠ નેતાઓના મન જાણવાના પ્રયાસ થઈ રહ્યા છે. મોદીની સરકારમાં અડવાણી સામેલ થશે નહીં તે બાબત સ્પષ્ટ થઈ ચુકી છે. આવી સ્થિતિમાં એનડીએના ચેરમેન અથવા તો લોકસભાના સ્પીકર બનાવવાની ઓફર કરવામાં આવી શકે છે. અડવાણી માર્ગદર્શક તરીકે રહેવા ઈચ્છુક છે. સુષ્માને લઈને એવા અહેવાલ આવી રહ્યા છે કે, લોકસભાના સ્પીકર બનવા તેઓ તૈયાર નથી. કોઈ મોટા મંત્રાલયની તેમની ઈચ્છા છે. ગડકરી અને રાજનાથે વાતચીત દરમિયાન ખાતરી આપી છે કે, તેમના કદ મુજબ તેમને હોદ્દો આપવામાં આવશે. અડવાણી, જોશી અને સુષ્માને લઈને ભાજપની દુવિધા વધી રહી છે. ભાજપની લીડરશીપ ઈચ્છે છે કે, પાર્ટીમાં સરકાર બનવાની સ્થિતિમાં કોઈ મતભેદ સપાટી ઉપર આવે તે યોગ્ય નથી. આજ કારણસર આરએસએસની મદદ લેવામાં આવી રહી છે. અડવાણી અને જોશી જેવા દિગ્ગજોની ભૂમિકા નક્કી કરવામાં ભાજપ આડે સમસ્યા ઉભી થઈ છે.

## હૈદરાબાદમાં પોલીસના ગોળીબારમાં ૩ના મોત

### સંચારબંધી લાદી દેવાની તંત્રને ફરજ પડી : કોમી હિંસામાં અન્ય ૯ લોકો ઘાયલ થયા : બે જૂથો વચ્ચે અથડામણ થયા બાદ વિસ્ફોટક સ્થિતિ : મજબૂત સુરક્ષા

હૈદરાબાદ, તા. ૧૪

હૈદરાબાદમાં બે જૂથ વચ્ચે અથડામણ થયા બાદ પોલીસ ગોળીબારમાં ત્રણ લોકોના મોત થયા હતા જેથી હૈદરાબાદમાં વિસ્ફોટક સ્થિતિ ઉભી થઇ ગઈ હતી. હૈદરાબાદમાં બે જૂથ વચ્ચે અથડામણ બાદ સંચારબંધી લાદવાનો નિર્ણય કરાયો હતો. સાઈબરાબાદ પોલીસના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, રાજેન્દ્રનગર પોલીસ સ્ટેશનની હદ હેઠળ કિશનબાગમાં સીખ છાવણીમાં પરિસ્થિતિ હવે કાબૂમાં લેવા સંચારબંધી લાદવામાં આવી છે. કેટલાક તોફાની તત્વોએ ચોક્કસ સમુદાયની દુકાનો અને આવાસો ઉપર હુમલા કરવાની શરૂઆત કરી દીધી હતી. ધાર્મિક ધ્વજને સળગાવી દેવામાં આવ્યો છે તેવી અફવા બાદ તોફાની તત્વોએ આ હુમલો કર્યો હતો જેનાથી એકાએક બંને સમુદાય વચ્ચે અથડામણનો દોર શરૂ થયો હતો. કોમી હિંસા બાદ સ્થિતિને કાબૂમાં લેવા પોલીસ ગોઠવાઈ ગઈ હતી. હિંસા પર ઉતરેલા જૂથોને અલગ કરવા પોલીસને ગોળીબાર કરવાની ફરજ પડી હતી જેમાં બે લોકોના મોત થયા હતા અને નવ લોકો ઘાયલ થયા હતા. સાઈબરાબાદના પોલીસ કમિશનર સીવી આનંદે માહિતી આપતા કહ્યં છે કે, પરિસ્થિતિ સંપૂર્ણ કાબૂ હેઠળ છે. શાંતિ જાળવી રાખવા તમામને અપીલ કરવામાં આવી છે. શાંતિ સ્થાપિત કરવા પોલીસ સાથે સહકાર પણ કરવામાં આવી રહ્યો છે. હૈદરાબાદના જુના શહેરમાં પણ હિંસા અને તંગદિલી હોવાનું જાણવા મળ્યું છે. આ તમામ જગ્યાઓએ પ્રતિબંધાત્મક આદેશ લાગૂ કરવામાં આવ્યો છે.

## ભાજપ દ્વારા ૪,૦૦૦ કિલો લાડૂનો ઓર્ડર આપી દેવાયો

### ભાજપના મુંબઈ એકમને જીતનો વિશ્વાસ : મંગળવારના દિવસે લાડૂ માટેનો ઓર્ડર આપી દેવાયો મુંબઈમાં અનેક હલવાઈ કામમાં લાગ્યા હોવાના હેવાલ

મુંબઈ,તા. ૧૪

ચૂંટણીના પરિણામ પહેલા આવેલા એક્ઝિટ પોલના તારણ બાદથી જ ભાજપની છાવણીમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. ભાજપના મોટી જીતના દાવાથી ઘણા લોકો સહમત નથી પરંતુ ભાજપના મુંબઈ યુનિટને આમા કોઈ શંકા નથી. આજ કારણસર પાર્ટીના મુંબઈ એકમે જીતના જશ્ન માટે મંગળવારના દિવસે ૪૦૦૦ કિલો લાડૂનો ઓર્ડર આપી દીધો છે. આના કારણે શહેરના અનેક ટોચના હલવાઈ કામમાં લાગી ગયા છે. પાર્ટીના પ્રવક્તા કેશવ ઉપાધ્યાયે માહિતી આપતા કહ્યું છે કે, અમને નરેન્દ્ર મોદીની જીતને લઈને કોઈપણ શંકા નથી. જેમાં જીતને સમર્થન મળશે. સમગ્ર શહેરમાં લાડૂ વહેંચવાની પ્રક્રિયા શરૂ થઈ જશે. શહેરના અનેક એકમોને લાડૂના ઓર્ડર આપી દેવામાં આવ્યા છે. ૧૬મી મેની સવારે ૪૦૦૦ કિલો લાડૂ પહોંચી જશે. ભાજપના સૂત્રોએ કહ્યું છે કે, લાડૂનો સૌથી મોટો ઓર્ડર ગિરગાંવના જયગણેશ મિઠાઈ ભંડારને આપવામાં આવ્યો છે. બીજી બાજુ કોંગ્રેસ અને એનસીપી પરિણામોને લઈને વધારે ઉતાવળના મૂડમાં નથી. બંને પાર્ટીઓનું કહેવું છે કે, પહેલાથી જ મિઠાઈના ઓર્ડર આપવાની બાબત વહેલી તકે હશે. ૧૬મી મેના દિવસ બાદ જ આ પ્રકારના ઓર્ડર આપવામાં આવશે. ભાજપ દ્વારા પહેલાથી જ લાડૂના ઓર્ડર આપી દેવામાં આવ્યા બાદ આ અંગે



પ્રતિક્રિયા આપતા એનસીપીના નેતા નવાબ મલિકે કહ્યું છે કે, મુંબઈ માટે ૪૦૦૦ કિલો લાડૂ ખુબ વધારે પડતા છે. ભાજપને જરૂર કરતા વધારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે. અમે પરિણામ આવ્યા બાદ ઉજવણી કરીશું. બીજી બાજુ ભાજપના કાર્યકરો ચૂંટણી પરિણામને લઈને આશાવાદી બનેલા છે. ઘણા રાજ્યોમાં ભાજપ જોરદાર સપાટો બોલાવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રમાં આ વખતે ભાજપ ખુબ શાનદાર દેખાવ કરનાર છે.

## સમાચાર ઝલક

- ચોમાસું સમયસર પધારશે... તા.૧લી જૂને કેરળમાં બેસી જશે.
- ભારતની સિદ્ધિ - મંગળયાન ૨૪ સપ્ટેમ્બરે મંગળની ભ્રમણકક્ષામાં પ્રવેશ કરશે.
- શિલ્પ-જ્યોતિષનો સમન્વય : ૨૭ વર્ષથી પ્રભુના ભાલે સૂર્યતિલક, ૨૨મીએ કોબાના જૈન દેરાસરમાં અલૌકિક દશ્ય સર્જાશે.
- નરેન્દ્રભાઇ મોદીની સુરક્ષામાં અપગ્રેડ કરાઇ, વધુ કમાન્ડો ગોઠવાયા, દરેક મુલાકાતી માઇક્રો સ્કીનીંગ કરાશે.
- વિશ્વના પ્રથમ ઇલેક્ટ્રીક વિમાન ઇ-ફૈનનું સફળ ઉડાન.
- આ વર્ષે કેદારનાથને બદલે અમરનાથ યાત્રામાં શ્રદ્ધાળુઓને વધુ રસ.
- ભારત ચીન કરતાં ત્રણ ગણા વધુ શસ્ત્રો ખરીદી વિશ્વમાં પ્રથમ નંબરે રહ્યું.
- રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દર્દીના મહિલા સંબંધી ઉપર સામુહિક દુષ્કર્મ, તંત્રે મૌન ધારણ કર્યું.
- લેફ.જનરલ દલબીર સિંહ નવા સેનાધ્યક્ષ બન્યા.
- જામ ખંભાળિયામાં જમીનમાં દટાયેલું દાણચોરીનું ૮ કિલો સોનું મળી આવ્યું.
- ઇઝરાયેલના ભૂતપૂર્વ વડાપ્રધાન ઓલ્માર્ટને ભ્રષ્ટાચારના કેસમાં સજા.
- ૧૬મી લોકસભાની ચૂંટણીમાં રૂા. ૩૪૨૬ કરોડનો ખર્ચનો અંદાજ ૨૦૦૯ કરતાં ૧૩૧ ટકા વધારે ખર્ચ.
- શેરબજારીની તેજીથી દૂર રહેવા રોકાણકારને નિષ્ણાતોની સલાહ.
- મેરઠ હિંસા, ૨૦૦૦ લોકો સામે કેસ દાખલ થયો.
- મોબાઇલ ચોરીના શંકામાં જોડીયામાં યુવાનને જીવતો સળગાવી દેવાયો, લોકોમાં ભારે રોષ.
- કાશ્મીરમાં ત્રાસવાદીઓએ મતદાન કરનારની આંગળીઓ કાપી નાખી.
- હિન્દી ફિલ્મોના ખલનાયકની સફળ ભૂમિકા ભજવનાર સુધીર બાધુનું નિધન.
- માવઠાઓએ અથાણાની મજા બગાડી, સિઝન મોડી શરૂ થશે, ગુંદાની સાઇઝ નાની થઇ ગઇ.
- બુધપૂર્ણિમા ધામધૂમથી ઉજવાઇ.
- વર્તમાન સમયમાં લોકોનું આયુષ્ય વધ્યું પણ તંદુરસ્તી ઘટી.

## નિરામય (પાના નં.૪નું ચાલુ...)

● *ભ્રામરી :*

આ પ્રાણાયામમાં આંખો બંધ કરી ડાબા નસકોરે શ્વાસ લઇ, યથાશક્તિ રોકી રાખી જમણા નસકોરેથી ઉચ્છવાસ કરવો, ઉચ્છવાસ કરતા સમયે ભમરાનાં ગૂંજન માફક અવાજ કરવો. ત્યારબાદ આ જ પ્રક્રિયા જમણા નસકોરેથી શ્વાસ લઇને કરવી. ભમરાના ગૂંજન જેવા કરાતા અવાજનો અનુભવ મસ્તિષ્કમાં થવો જોઇએ. હાલ ભ્રામરી અલગ રીતે પણ કરાય છે. જેમાં બંને કાનને અંગૂઠા વડે બંધ કરી, આંગળીઓને આંખ પર રાખી બંને નસકોરાં વડે શ્વાસ લઇ ગૂંજન સાથે શ્વાસ બહાર કઢાય છે. ભ્રામરીથી મનને શાંતિ મળે છે. એકાગ્રતા વધે છે, મસ્તિષ્ક નાડીઓનું શોધન થાય છે. ચિત્ત નિર્મળ બને છે. આમ, માનસિક તાણ-ટેન્શનમાં હળવાશનો અનુભવ થાય છે.

● *મૂર્ચ્છા :*

આ પ્રાણાયામ થોડો અટપટો છે. આમા હાથની પ્રથમ અને બીજી આંગળીઓ વડે આંખો ઢાંકવી, ત્રીજી આંગળી વડે નસકોરાં બંધ કરવા અને ટચલી આંગળી વડે હોઠ ઢાંકવા. ત્યારબાદ એક નસકોરાંથી શ્વાસ લઇ, ત્રીજી આંગળી કે જે નાક પાસે રહેલી છે. તેના વડે નસકોરા બંધ કરી શ્વાસ રોકી રાખવો, ત્યારબાદ બંને નસકોરાં વડે શ્વાસ બહાર કાઢવો. આ જ રીતે બીજી નસકોરાં વડે ક્રિયા કરવી.

આ પ્રાણાયામ વડે મનને શાંતિ મળે છે. એકાગ્રતા વધે છે, તેમજ ટેન્શન-તાણ દૂર થાય છે.

● *પ્લાવીની :*

આ પ્રાણાયામમાં બંને નસકોરાં વડે શ્વાસને પેટમાં યથાશક્તિ ભરવો ત્યારબાદ મનને નાભી પર એકાગ્ર કરી પેટને રબરના દડાની જેમ ફૂલાવીને સંપૂર્ણ વાયુ જાણે પેટમાં આવી ગયો હોય તેવી ભાવના કરવી વાયુને યથાશક્તિ રોકી રાખી બંને નસકોરાંથી ઉચ્છવાસ કરવો. આ પ્રાણાયામથી પાચનતંત્ર, લીવર, બરોળ આદિ મજબૂત બને છે. પેટનાં સ્નાયુઓ મજબૂત બને છે. શરીર હલકું બને છે.

આ દરેક પ્રાણાયામો પહેલી નજરે સહેલા લાગે, પણ તેને યથાવિધિ કરવા ખૂબ જરૂરી છે. આથી કોઇ વિશેષજ્ઞની સલાહ અને માર્ગદર્શન જરૂરી છે.